# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-08-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJ. VIDHANSABHA KARYAVAHI

ગુજરાત વિધાનસભા ગૃહની બીજા દિવસના સત્રની કાર્યવાહીનો પ્રારંભ ટૂંકી મુદ્દતના પ્રશ્નો સાથે થયો હતો.

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મેહતા જણાવે છે કે, આજે ગૃહની કાર્યવાહી શરૂ થતાંની સાથે જ કોંગ્રેસ નેતા અમિત ચાવડા પોઇન્ટ ઓફ ઓર્ડર માટે ઉભા થયા હતા. કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે, તેમણે પૂછેલા ટૂંકી મુદતનાં પ્રશ્નોને રદ કરી દેવામાં આવ્યા છે. આજના સત્રમાં જે બે ટૂંકી મુદતનાં પ્રશ્નો દાખલ કરવામાં આવ્યા તે બંને ભાજપના હતા.

સંસદીય બાબતોના મંત્રી ઋષિકેશ પટેલે કોંગ્રેસના ધારાસભ્યોને સસ્પેન્ડ કરવા દરખાસ્ત કર્યા બાદ તેમને આજનાં **દિવસની ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.**

દરમિયાન, ગૃહમાં આજે વ્યાજખોરો વિરૂદ્ધ કાર્યવાહી તથા કૉલેજના વિદ્યાર્થીઓને અકસ્માત મૃત્યુ સહાય અંગે ચર્ચા કરવામાં આવશે. પ્રશ્નોત્તરી કાળ બાદ તાકીદના મુદ્દા પર પણ ચર્ચા કરવામાં આવશે. તેમજ નિયમ 116 અંતર્ગત આણંદમાં ફેક્ટરીમાં આગની ઘટના અંગે, અગ્નિશમન દળના ચાર કર્મચારી દાઝી જવા છતાં ફેક્ટરી સામે પગલા અંગે ચર્ચા કરાશે. આ ઉપરાંત વિવિધ વિભાગોનાં અહેવાલો અને હિસાબો મેજ પર મૂકવામાં આવશે.

આજે વિધાનસભાના અધ્યક્ષ જાહેર હિસાબ સમિતિ તથા પંચાયતની રાજ સમિતિની ખાલી પડેલી જગ્યા અંગેની જાહેરાત કરશે. આવતીકાલે ગૃહમાં ગુજરાત માલ અને સેવા સુધારા વિધેયક તથા ગુજરાત નશાબંધી સુધારા વિધેયક પર ચર્ચા થશે.

# PM TRIBUTE TO JAM SAHEB

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોલેન્ડમાં ભારત અને પૉલેન્ડ વચ્ચે જામસાહેબ મેમોરિયલ યૂથ એક્સચેન્જ કાર્યક્રમ શરૂ કરવાની જાહેરાત કરી છે, જે અંતર્ગત પૉલેન્ડના 20 વિદ્યાર્થીઓ પ્રતિવર્ષ ભારતની મુલાકાત લેશે અને ભારતના સાંસ્કૃતિક વારસા વિશે માહિતી મેળવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની પૉલેન્ડ યાત્રા દરમિયાન વાર્સો શહેરમાં જામનગરના જામ સાહેબ દિગ્વિજયસિંહના 'ગુડ મહારાજા સ્કેવર સ્મારક' ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમણે પૉલેન્ડ અને જામનગરના સંબંધોને યાદ કરતા જણાવ્યું કે, જામનગર જામ સાહેબનો અપાર પ્રેમ તેમની ઉપર છે.

# WEATHER + MONSOON REPORT

રાજ્યના હવામાન વિભાગે આજે મધ્ય ગુજરાતના દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, દક્ષિણ ગુજરાતના ભરૂચ, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળે ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે 25 ઑગસ્ટ સુધી માછીમારોને દરિયો ન ખેડવા વિભાગે સૂચના આપી છે.

રાજ્યમાં આજે સવારે 6 વાગ્યાથી અત્યાર સુધીમાં 655 મિલીમીટર વરસાદ નોંધાયો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 74 ટકા વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. સૌથી વધારે 89 ટકા વરસાદ કચ્છ અને ઉત્તર ગુજરાતમાં નોંધાયો છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં કુલ સંગ્રહશક્તિના 88 ટકા જળસંગ્રહ થયો છે. જ્યારે 50 ડેમ 100 ટકા, 43 ડેમ 70થી 100 ટકા ભરાઈ ગયા છે. રાજ્યના 65 ડેમ હાઈ-અલર્ટ, 19 ડેમ અલર્ટ અને નવ ડેમ ચેતવણી પર રાખવામાં આવ્યા છે.

# RAIN DIST.

રાજ્યના વિવિધ જીલ્લાઓમાં આજે હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો છે.

અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં આજે છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

ડાંગ જિલ્લાના આહવા સહિત વિવિધ તાલુકામાં છેલ્લા 24 કલાકમાં બે ઇંચ વરસાદ વરસ્યો હતો..

તો અરવલ્લી જિલ્લામાં ગઇકાલે સાંજે મોડાસા, માલપુર તેમજ મેઘરજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી માહોલ જામ્યો હતો..

# GUJ. CROP SERVY

સમગ્ર ગુજરાતમાં ચાલી રહેલી ડિજિટલ પાક સર્વેની કામગીરી અંતર્ગત રાજ્યના ૩૩ જિલ્લાની તમામ ખેતીલાયક જમીનના આશરે એક કરોડથી વધુ સર્વે પ્લોટને ડિજિટલ સર્વેમાં આવરી લેવામાં આવી રહ્યા છે.

જે અંતર્ગત સુરત જિલ્લામાં અંદાજે ૨ લાખ ૨૭ હજાર સર્વે નંબરમાં પાક વાવેતરનો ડિજિટલ ક્રોપ સર્વે કરવામાં આવશે. જિલ્લામાં કયા સર્વે નંબર પર કયા પાકનું વાવેતર કર્યું છે તે મોબાઇલ એપ દ્વારા જાણી શકાશે.

પાટણ જિલ્લામાં પણ ખેડૂતોના ખેતરમાં વાસ્તવિક રીતે કયા પાકોનું કેટલા વિસ્તારમાં વાવેતર થયું છે તેની મોજણી માટે ડિજિટલ ક્રોપ સર્વેની કામગીરી શરૂ કરાઈ છે. જિલ્લા ખેતીવાડી અધિકારીએ જણાવ્યું કે, જીલ્લાના નવ તાલુકાઓમાં આ કામગીરી 45 દિવસ સુધી ચાલશે. પાટણ જિલ્લાના તમામ 3 લાખ 69 હજારથી વધુ સર્વે નંબરોમાં ફિલ્ડ પર જઈને તમામ સર્વે નંબરનું સર્વેયરો દ્વારા ડિજિટલ ક્રોપ સર્વે કરાશે.

# DWARKA- JANMASHATMI

આગામી સોમવારે જન્માષ્ટમીના તહેવાર દરમિયાન દ્વારકાધીશ જગત મંદિરમાં દર્શન અને આરતીના સમયમાં ફેરફાર કરાયો છે. જન્માષ્ટમીના દિવસે સવારે 6 વાગ્યે શ્રીજીની મંગળા આરતીના દર્શન થશે. ત્યારબાદ સવારે 6થી 8 વાગ્યા સુધી મંગળા દર્શન, સવારે 8થી 9 વાગ્યા સુધી શ્રીજીના ખૂલ્લે પડદે સ્નાન દર્શન થશે.

જ્યારે સવારે 9થી સાડા 9 વાગ્યા સુધી મંદિરમાં દર્શન બંધ રહેશે. તો રાત્રે સાડા 8 વાગ્યાથી સાડા 9 વાગ્યા સુધી શ્રીજીની શયન આરતી દર્શન થશે અને સાડા 9 વાગ્યે મંદિર બંધ થશે. રાત્રે બાર વાગ્યાથી અઢી વાગ્યા સુધી દર્શન માટે મંદિર ખુલ્લુ રહેશે.

# GPCB CLOTH BAG ATM

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ– GPCBએ અંબાજી, સોમનાથ, દ્વારકા, શામળાજી, સાળંગપુર અને ઇસ્કોન મંદિર પરિસરોમાં કપડાંની થેલી માટેના 14 વિશેષ ATM મશીન લગાવ્યા છે. અહીં દર્શન માટે આવતા ભક્તોને હવે કપડાની થેલીમાં જ પ્રસાદ આપવામાં આવે છે. દર્શનાર્થીઓ ATMમાં માત્ર પાંચ રૂપિયાનો સિક્કો નાખી અથવા તો ક્યૂઆર કોડ સ્કેન કરી થેલી મેળવી શકે છે.

GPCBના અધ્યક્ષ આર. બી. બારડે કહ્યું, અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભાવનગર, ભરૂચ સહિત સાત એસ. ટી. બસમથક તથા સુરતના ઉધના રેલવેમથક પર પ્લાસ્ટિક બોટલનું રિવર્સ વેડિંગ મશીન લગાવવામાં આવ્યું છે. આની મદદથી 2 મહિનામાં 9 હજાર 500થી વધુ બોટલનું રિસાઈકલિંગ કરવામાં આવ્યું છે.